**<u>ધંધુકા પોલીસ સ્ટેશન પ્રોહી ગુના રજી. નં.–૧૧૧૯૨૦૧૮૨૧૦૧૨૩/૨૦૨૧, પ્રોહી એકટની કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) ના કામે આરોપી અર્જુનસીંહ બળદેવસીંહ ચુડાસમા નાઓની જામીન અરજી લગત હુકમ:–</u>**

૧) અરજી વંચાણે લીધી. સદરહું કામે આરોપીના વિ.વ.શ્રીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૦ મુજબ જામીન અરજી મુકીને રજુઆત કરેલી છે કે તેઓ તદન નિર્દોષ છે, તેઓએ કહેવાતો ગુનો કરેલો નથી, તેઓ કયાંય નાસીભાગી જાય તેમ નથી, તેઓ છેલ્લા ઘણા સમયથી જણાવેલ સરનામે જ રહે છે. આમ જણાવી જામીન મુકત કરવા વિનંતી કરેલ છે.

૨) ફરીયાદપક્ષે ત.ક.અ.શ્રી તેમજ વિ.એ.પી.પી.શ્રીનાઓને સાંભળ્યા. હાલના કામના આરોપી ને જો જામીન મુકત કરવામાં આવે તો તે નાસી ભાગી જાય તેમજ પુરાવા સાથે ચેડા કરે તેની પુરી શકયતા છે તેમજ આરોપી સામે પ્રોહીનો અન્ય ગુનો પણ આરોપીને જામીન મુકત કરવા જોઈએ નહીં તેવી રજુઆત કરેલી છે.

૩) અરજી વંચાણે લીધી. આરોપી તરફે વિ.વ. શ્રી ને સાંભળ્યા. ફરીયાદપક્ષે ત.ક.અ.શ્રી તેમજ વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. હાલના કામના આરોપીની અરજી, હાલના કામે રજુ થયેલ એફ.આઈ.આર., સજાની જોગવાઈ, ગુનાની ગંભીરતા વિગેરે ધ્યાને લેતા તથા નામ. વડી અદાલત અને નામ. સર્વોચ્ચ અદાલત દવારા વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતો ધ્યાને લઈ આ કામનાં આરોપીને યોગ્ય રકમના જામીન લઈ તથા ટ્રાયલ સમયની હાજરી સુનિશ્ચિત કરી અને તપાસમાં કોઈ અડચણ ન થાય તે રીતે આરોપીને જામીન મુકત કરવાથી પણ ન્યાયનો હેતુ જળવાઈ તેમ હોય, ન્યાયના હીતમાં હાલના આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર છોડવામાં આવે તો મુનાસીબ અને વ્યાજબી જણાય છે, તેથી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરૂં છું.

<u>–: હુ ક મ :–</u>

આથી આરોપીને રૂ.૩૦,૦૦૦/–(અંકે રૂપિયા ત્રીસ હજાર ) પુરાના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોએ જામીન મુકત કરવાનો હુકમ ફરમાવુ છું.

<u>શ ર તો</u> :–

૧) આરોપીએ પોતાના સાચા સરનામાની પુરસીસ રજુ કરવાની રહેશે તથા ત્યાર બાદ કોઈ પણ સમયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સરનામું બદલેથી અત્રેની કોર્ટને તથા ત.ક.અ.ને પણ જાણ કરવાની રહેશે તથા પોતાનો મોબાઈલ નંબર પુરસીસથી જાહેર કરવો .

૨) આરોપીએ ફરિયાદ પક્ષના સાક્ષીઓને ધાક–ધમકી આપવી નહીં કે પુરાવા સાથે ચેડા કરવા નહીં તથા ત.ક.અ.શ્રીને પોલીસ તપાસમાં જરુરી સાથ,સહકાર આપવો.

૩) સદર ગુન્હાની ટ્રાયલ કોર્ટ સમક્ષ ચાલે ત્યારે દર મુદતે સમયસર કોર્ટમાં હાજર રહેવુ.

૪) આરોપીએ અત્રેની કોર્ટની પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહિં.

ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી જામીનનો હુકમ આપો આપ રદ થયેલો ગણાશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૩–૦૩–૨૦૨૬
ધંધુકા

(યુનુસઅહમદ ઈકબાલહુસેન શેખ)
પ્રિન્સીપાલ સિનિયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,ધંધુકા.
Code No – GJ00967